ક્રમાંકઃ–માવિ.૧/પરીપત્ર/૨૦૧૮/૧૨૭૦૭ - ૧૩૨૦૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર,
તા.૧૪ /૫/૨૦૧૮.

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
સરકારી/બિનસરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.

**વિષયઃ– વિધાર્થીની અટક, નામ, જન્મ તારીખ,જન્મસ્થળ માં સુધારો કરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,શાળાના ધોરણ ૯ અને ૧૦ના વિધાર્થી/વિધાર્થીનીઓની અટક, નામ જન્મ તારીખ,જન્મસ્થળમાં સુધારો કરવાની દરખાસ્ત આવે છે ત્યારે શાળા મારફત મોકલાવેલ દરખાસ્તમાં જરૂરી આધારો સામેલ ન હોઈ દરખાસ્ત પરત મોકલવી પડે છે આમ કચેરીએ બિનજરૂરી પત્રવ્યવહાર કરવો પડે છે અને આથી હવે પછી અટક, નામ, જન્મ તારીખ,જન્મસ્થળમાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબના આધારો શાળાએ દરખાસ્તમાં સામેલ રાખી મોકલી આપવાના રહેશે.

(૧) શાળાના લેટરપેડ પર વિધાર્થી વાઈઝ દરખાસ્ત અલગ અલગ રજુ કરવાનું રાખશો.
(૨) નિયત નમૂનામાં સુધારા માટેનું દરખાસ્ત ફોર્મ શાળાએ વ્યવસ્થિત અને સંપૂર્ણ ભરી આચાર્યશ્રીના સહી–સિકકા સાથે રજુ કરવું.
(૩) વિધાર્થી સંબંધિ જી.આર.માં થયેલ નોંધ અથવા બોનાફાઈડ રજુ કરવું.(જાતિ/પેટાજાતિ દર્શાવવી)
(૪) જે અન્વયે સુધારો કરવાનો હોય તે અંગેનું **મામલતદારશ્રીનું સોગંદનામું** રજુ કરવું
(૫) વિધાર્થીના જન્મ નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવી.
(૬) સમાજ કલ્યાણ/ મામલતદારશ્રીના જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવી.
(૭) રેશનકાર્ડ તેમજ અન્ય આધારોની પ્રમાણિત નકલ રજુ કરવી.
(૮) વિધાર્થીના વાલીના એલ.સી.ની પ્રમાણિત નકલ રજુ કરવી.(અટક અને વાલીના નામમાં સુધારણા માટે)
(૯) ગેઝેટની પ્રમાણિત નકલ રજુ કરવી.
(૧૦) વિધાર્થીના ભાઈ / બેનના એલ.સી.ની પ્રમાણિત નકલ રજુ કરવી.
(૧૧) દતક વિધાનલેખા દસ્તાવેજ રજુ કરવું.(દત્તક લેવાના કેશમાં)
(૧૨) ધોરણ ૧માં પ્રાથમિક શાળામાં જે વર્ષમાં દાખલ થયેલ તે વર્ષસહિતનો પ્રાથમિક શાળાનો આધાર (પ્રમાણપત્ર) રજુ કરવો.(જન્મ તારીખ સુધારણા માટે)
(૧૩) છુટાછેડા અને પુનઃલગ્નના આધારોની પ્રમાણિત નકલ રજુ કરવી.(માતા પિતાના બીજાલગ્ન થયા હોય તેવા કેશમાં)

**નોંધઃ– નામ,અટક,જન્મસ્થળ અને જન્મતારીખ સુધારણાની દરખાસ્ત ૩૧ ઓગસ્ટ સુધીમાં મોકલી આપવાની રહેશે તે પછી આવેલ દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર